**Question:** વિદ્યાર્થીએ પોતાનું આધાર કાર્ડ બેંક એકાઉન્ટમાં કેવી રીતે લીંક કરાવવું અથવા નીચે મુજબ **message આવ્યો હોય તો શું કરવું?**

Message: Your payment for CMSS scholarship could not be processed as your Aadhaar card is not linked with your bank. Kindly link your Aadhaar card within 7 days. Your payment will be done around 30 days after Aadhaar linking.

**Answer:** વિદ્યાર્થીનું બેંકમાં આધારકાર્ડ લીંક બતાવતું હોય પરંતુ જો https://resident.uidai.gov.in/bank-mapper વેબસાઈટ ઉપર જો લીંક ના બતાવતું હોય તો નીચેના ઉપાયોની મદદથી આધારકાર્ડ બેંક સાથે લીંક કરાવવાનું રહેશે.

ઉપાય(**solution**)

Solution- 1

- જ્યાં સુધી તમારું આધારકાર્ડ લીંક ના થાય ત્યાં સુધી તમારી **બેંકને કહો કે NPCI (NATIONAL PAYMENTS CORPORATION OF INDIA)** માં આધારકાર્ડનો **DATA SEND** કરે. જ્યાં સુધી બેંકમાંથી NPCI (NATIONAL PAYMENTS CORPORATION OF INDIA)માં આધારકાર્ડનો DATA SEND નહિ થાય ત્યાં સુધી તમારું આધારકાર્ડ લીંક નહિ થાય.

અથવા

Solution- 2

- Google search માં **circular number 251 aadhaar status** type કરવાથી NPCI નું આધારકાર્ડ લીંક કરવાનું ફોર્મ મળશે જે DOWNLOAD કરી જરૂરી માહિતી ભરી બેંકમાં આપી બેંકને કહો કે DBT (direct benefit transfer) facility enable કરે.

અથવા

Solution- 3

- બેંકને કહો કે **NPCI (NATIONAL PAYMENTS CORPORATION OF INDIA)** માં **npci.dbtl@npci.org.in** પર ઈ-મેઇલ send કરે જેમાં આધારકાર્ડ બેંકમાં લીંક છે પરંતુ https://resident.uidai.gov.in/bank-mapper વેબસાઈટ પર લીંક કેમ બતાવતું નથી તેનું reason અને solution બતાવે.

અથવા

**Solution-4**

- જો ઉપરના ત્રણ solution થી પણ આધારકાર્ડ https://resident.uidai.gov.in/bank-mapper વેબસાઈટ પર લીંક ના બતાવતું હોય તો **બીજી કોઈપણ બેંકમાં જે NPCI માં આધારકાર્ડ લીંક કરી આપતી હોય તેવી કોઈપણ બેંકમાં નવું ખાતું ખોલાવી દેવું.** તમારું આધારકાર્ડ

https://resident.uidai.gov.in/bank-mapper પર જે બેંકમાં લીંક બતાવતા હશે તે બેંકના ખાતામાં જ તમારી સ્કોલરશીપ AUTOMATIC જમા થશે. તમારું આધારકાર્ડ https://resident.uidai.gov.in/bank-mapper વેબસાઈટ પર બેંકમાં લીંક બતાવતા હશે તો ત્યારબાદ વિદ્યાર્થી દ્વારા આગળની બીજી કોઈપણ PROCESS કરવાની જરૂર રહેશે નહિ.

વિદ્યાર્થીએ પોતાનું આધારકાર્ડ બેંક એકાઉન્ટમાં લીંક કર્યા બાદ તેની જાણ કેસીજીને રૂબરૂમાં કરવાની જરૂર નથી. વિદ્યાર્થીની સહાયની રકમ તેના ખાતામાં વિદ્યાર્થી પોતાનું બેંક એકાઉન્ટ આધાર કાર્ડ સાથે NPCIમાં લીંક કરાવશે તેના અંદાજીત ૨૦-૨૫ દિવસમાં થશે.

નોંધ: વિદ્યાર્થીની સહાયની રકમ તેના બેંક એકાઉન્ટમાં **Application sanctioned by commissionerate** માં જયારે DONE બતાવે ત્યારબાદ અંદાજીત ૨૫-૩૦ દિવસમાં જો બેંક એકાઉન્ટ આધાર કાર્ડ સાથે NPCIમાં લીંક હશે તો થશે પરતું જો વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ આધાર કાર્ડ સાથે NPCIમાં લીંક નહિ હોય તો વિદ્યાર્થીની સહાયની રકમ તેના બેંક એકાઉન્ટમાં જયારે NEFT દ્વારા પેમેન્ટ થશે ત્યારે થશે પરંતુ તેમાં થોડો વધુ સમય થશે.

Question: **વિદ્યાર્થીએ પોતાનું આધારકાર્ડ કેવી રીતે ACTIVE/VALID કરાવવું?**

Answer: વિદ્યાર્થીના mobile ઉપર જો નીચે મુજબનો message આવ્યો હોય તો નીચેના ઉપાયોની મદદથી આધારકાર્ડ ACTIVE/VALID કરાવવું.

**MESSAGE:** Your payment for ICMSS scholarship could not be processed as your Aadhaar card is **inactive/invalid** with your bank. Kindly activate your Aadhaar card.

ઉપાય(solution)

વિદ્યાર્થીએ પોતાનું આધારકાર્ડ active/valid કરાવવા માટે https://uidai.gov.in ની વેબસાઈટ પર આપેલા આધારકાર્ડના Aadhaar Kendra/Enrolment Centre પર જઈને પોતાનું આધારકાર્ડ active/valid કરાવવું **અથવા** વિદ્યાર્થીએ પોતાનું આધારકાર્ડ active/valid કરાવવા માટે https://uidai.gov.in ની વેબસાઈટ પરથી online update કરાવવું.

વિદ્યાર્થીએ પોતાનું આધારકાર્ડ active/valid કર્યા બાદ તેની જાણ કેસીજીને રૂબરૂમાં કરવાની જરૂર નથી. વિદ્યાર્થીની સહાયની રકમ તેના ખાતામાં વિદ્યાર્થી પોતાનું આધારકાર્ડ active/valid કરાવશે તેના અંદાજીત ૨૦-૨૫ દિવસમાં થશે.